Toppersnotes®
Unleash the topper in you

# Gujarat

## રેવન્યુ તલાટી

Gujarat Secondary Service Selection Board (GSSSB)

ભાગ - 5

## English Grammar

SIERRA INNOVATIONS

# અનુક્રમણિકા


| English Grammar | | |
|---|---|---|
| 1. | Parts of Speech - ભાષાના ઘટકો | 1 |
| 2. | Types of Noun - નામ (સંજ્ઞા)ના પ્રકારો | 2 |
| 3. | Sentence - વાક્ય | 9 |
| 4. | Singular - Plural - એકવચન-બહુવચન | 12 |
| 5. | Articles - ઉપપદ | 19 |
| 6. | Gender – જાતિ | 33 |
| 7. | Verb - ક્રિયાપદ | 39 |
| 8. | Rules for Verb Forms - ક્રિયાપદના નિયમો | 51 |
| 9. | Auxiliary Verbs - સહાયકારક ક્રિયાપદ | 55 |
| 10. | Causal Verbs - પ્રેરક ક્રિયાપદો | 65 |
| 11. | Active - Passive Voice - કર્તારિ - કર્મણિ પ્રયોગ | 68 |
| 12. | Pronouns – સર્વનામ | 78 |
| 13. | Preposition - નામયોગી અવ્યય | 102 |
| 14. | Conjunctions - સંયોજક | 131 |
| 15. | Question Tags - પ્રતિપક્ષ / અનુપ્રશ્ન | 140 |
| 16. | Direct - Indirect Speech - પ્રત્યક્ષ - પરોક્ષ રચના | 147 |
| 17. | Adjective - વિશેષણ | 157 |
| 18. | Adverb - ક્રિયાવિશેષણ | 163 |
| 19. | Degrees of Comparison - તુલનાની કક્ષાઓ | 168 |
| 20. | Word Formation - શબ્દ રચના | 177 |
| 21. | Important Spellings - અગત્યની જોડણી | 190 |

# 1 CHAPTER

# Parts of Speech – ભાષાના ઘટકો

**There are 10 parts of speech in English language. It can be called Word Family. No part of the sentence is orphan. These parts are known with the following names.**

અંગ્રેજી ભાષામાં **10** પ્રકારનાં શબ્દ ઘટકો છે. તેને શબ્દ પરિવાર કહી શકાય. વાક્યનો કોઈપણ ભાગ અનાથ નથી. આ ભાગોને નીચેનાં નામથી ઓળખવામાં આવે છે.

1. **Noun (નામ)** :- Noun is a word used for a person, place or thing. વ્યક્તિ, વસ્તુ કે સ્થળના માટે વપરાતો શબ્દ એટલે નામ. **For Example:-** Ahjoliya, Gyan, city, cat, mother, cotton, wisdom, army etc.
2. **Pronoun (સર્વનામ) :-** Pronoun is a word used instead of (in place of/ in lieu of/ to replace) a noun. નામને બદલે વપરાતો શબ્દ એટલે સર્વનામ.
   **For Example:-** he, she, their, mine, some, this, either, both, all, some, any, himself etc.
3. **Verb (ક્રિયાપદ)** :- Verb is a word of action performed by any part of a living being. કર્તા દ્વારા કરાયેલી ક્રિયાને વર્ણવતો શબ્દ એટલે ક્રિયાપદ.
   **For Example:-** describe, write, read, run, sing, know, look, receive, provide, keep etc.
4. **Auxiliary (સહાયકારક)** :- Auxiliary is a word that helps a verb. મુખ્ય ક્રિયાપદના સહાયક તરીકે વપરાય તે સહાયકારક ક્રિયાપદ.
   **For Example:-** can, could, may, might, shall, will, would, should, must, ought to, do, does, did, have, has, had, is, am, are, was, were, having, need, dare, let, used to, going to, be, been, being etc.
5. **Adjective (વિશેષણ)** :- Adjective is a word that adds something in the meaning of a noun. નામના અર્થમાં વધારો કરતો શબ્દ એટલે વિશેષણ.
   **For Example:-** poor, intelligent, fast, clever, round, nice, beautiful, this, that etc.
6. **Adverb (ક્રિયા વિશેષણ)** :- Adverb is a word that adds something in the meaning of a verb / an adjective or an adverb ક્રિયાપદ / વિશેષણ કે ક્રિયાવિશેષણના અર્થમાં વધારો કરતો શબ્દ એટલે ક્રિયાવિશેષણ.
   **For Example:-** slowly, differently, cleverly, very, fast, really etc.
7. **Preposition (નામયોગી અવ્યય)** :- Preposition is a word that shows the connection between the two words. બે શબ્દો (નામ / સર્વનામ) વચ્ચેનો સંબંધ દર્શાવતો શબ્દ એટલે નામયોગી અવ્યય.
   **For Example:-** on, in, among, under, into, before, after, while, till, until, above, over etc.
8. **Conjunction (સંયોજક)** :- Conjunction is a word that joins (connects) words, phrases clause or sentences. શબ્દો, શબ્દસમૂહો કે વાક્યોને જોડતો શબ્દ એટલે સંયોજક.
   **For Example:-** but, therefore, because, before, unless, and, if, until, after, before etc.
9. **Article (આર્ટિકલ – ઉપપદ)** :- Article is a word used to denote a single number, a small or large number of any common nouns. એકવચન કે બહુવચનના જાતિવાચક નામને નક્કી કરવા માટે / દર્શાવવા માટે આર્ટિકલ (ઉપપદ) વપરાય છે. **For Example:-** a, an, the
10. **Interjection (કેવળપ્રયોગી)** :- Interjection is a symbol that shows a sudden feeling such as joy, surprise or shock. આનંદ, આશ્ચર્ય કે દુઃખ જેવી આકસ્મિક લાગણીને દર્શાવતો શબ્દ એટલે કેવળપ્રયોગી.
    **For Example:-** Oh, Alas, What, How, Hurrah, Hurray, Wow, Bravo etc.

# 2 CHAPTER Types of Noun – નામ (સંજ્ઞા)ના પ્રકારો

- કોઈપણ વ્યક્તિ, વસ્તુ, સ્થળ, ગુણ, ક્રિયા, ભાવ, લાગણી, સ્થિતિ, પ્રાણી, પ્રવૃત્તિ કે અવસ્થાને ઓળખવા માટે અપાયેલી નિશાનીઓને નામ **(Noun)** કહે છે.
- **Kinds of Noun:** નામના પ્રકારો

| Countable nouns | Uncountable nouns |
|---|---|
| (ગણી શકાય તેવાં નામ) | (ગણી ન શકાય તેવાં નામ) |
| Book | Ghee |
| Student | Oil |
| Army | Money (Exception – અપવાદ) |
| Balloon | Oxygen |
| Girl | Gold |
| Office | Mercury |
| Bird | Wheat |

**Countable noun**ના પેટા પ્રકાર

1. Proper Noun : સંજ્ઞાવાચક કે વ્યક્તિવાચક નામ
2. Common Noun : જાતિવાચક નામ
3. Collective Noun : સમૂહવાચક નામ

**Uncountable noun**ના પેટા પ્રકાર

1. Material Noun : દ્રવ્યવાચક કે પદાર્થવાચક નામ
2. Abstract Noun: ભાવવાચક નામ

- **ચાલો હવે, પાંચેય પ્રકારનો વિગતે અભ્યાસ કરીએ...**

**(1) Proper Noun** (સંજ્ઞાવાચક કે વ્યક્તિવાચક નામ) : કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે સ્થળને તેની જાતિનાં અન્ય નામોથી અલગ પાડવાં માટે જે નામ આપવામાં આવે છે તેને વ્યક્તિવાચક કે સંજ્ઞાવાચક નામ કહેવાય છે. નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દો Proper Noun છે.

- **For example :**

(1) **N. D. Modi** is the Prime Minister of **India**.
(2) **Ahmedabad** is the biggest city of **Gujarat**.
(3) **Kavya** is a clever girl.
(4) **Shakespeare** was the greatest dramatist.
(5) I will go to **America** next year.
(6) I live in **Gandhinagar**.
(7) The **Ganga** is the longest river of **India**.
(8) **Sunday** is a holiday.
(9) My pet parrot, **Polly**, makes a lot of noise.
(10) **Amritsar** is famous for golden temple.

**(2) Common Noun** (જાતિવાચક નામ) : એક જ વર્ગના લોકો, સ્થળો, વસ્તુઓ કે પ્રાણીઓ માટે એકસરખી રીતે લાગુ પાડી શકાય તેવા નામને common noun કહેવાય છે. નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દો Common Noun છે.

- **For example:**

(1) Raman is a clever **boy**.
(2) Ahmedabad is the biggest **city** of Gujarat.
(3) The peacock is an attractive **bird**.
(4) The dog is a faithful **animal**.

(5) Puneet rides his **bicycle** in the **park**. (6) This **society** is one of the best societies in our area.

(7) The Ganga is the longest **river** of India. (8) I read a **book** daily.

(9) R. D. Tagore was the greatest **poet** of India. (10) Sunday is a **holiday**.

**(3) Collective Noun** (સમૂહવાચક) : કોઈપણ વ્યક્તિ કે વસ્તુના સમૂહનો ઉલ્લેખ કરવા માટે વપરાતા નામને જૂથવાચક કે સમૂહવાચક નામ કહે છે. નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દો Collective Noun છે.

- **For example :**

crowd, mob, team, flock, army, fleet (કાફલો), jury (પંચ), family, parliament (સંસદ), bunch (ઝૂમખું), committee, herd, group, bundle etc.

(1) There is a **group** of students standing near a gate. (2) He gave me a **bunch** of grapes.

(3) A **committee** has decided to take serious actions. (4) A **herd** of cattle is grazing there.

(5) A **swarm** of mosquitoes is buzzing over his head. (6) I bought a **dozen** of bananas.

(7) A **crowd** of people gathered at the spot. (8) The **jury** found the prisoner guilty.

(9) I found a **bundle** of currency notes. (10) Our **team** has won the match.

**(4) Material Noun** (દ્રવ્યવાચક નામ) : જે વસ્તુને ગણી ન શકાય પરંતુ તેનું વજન અને માપ કરી શકાય તેવા પદાર્થ કે દ્રવ્યને દ્રવ્યવાચક નામ કહેવાય છે. નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દો Material Noun છે.

- **For example :**

(1) How much **petrol** is there in a tank? (2) I do not have enough **money.**

(3) **Gold** is a precious metal. (4) The cow gives us **milk**.

(5) **Ghee** is made from **butter**. (6) Add some **sugar** in my **tea**.

(7) Trees give us **wood**. (8) How much **water** is there in a glass?

(9) How much **tea** is there in a cup? (10) Canada is a leading country in production of **wheat**.

**(5) Abstract Noun** (ભાવવાચક નામ) : ગુણ, ક્રિયા, ભાવ, લાગણી કે સ્થિતિ દર્શાવતાં નામ એટલે કે જે પ્રત્યક્ષ રીતે જોઈ ન શકાય અને સ્પર્શી ન શકાય પરંતુ માત્ર અનુભવી શકાય તેવા નામને ભાવવાચક નામ કહેવાય છે. નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દો Abstract Noun છે.

ગુણ **(Quality)** : goodness, kindness, whiteness, darkness, hardness, brightness, honesty, wisdom, bravery etc.

ક્રિયા **(Action)** : laughter, theft, movement, judgment, hatred etc.

સ્થિતિ **(State)** : childhood, boyhood, youth, slavery, sleep, sickness, death, poverty, illness etc.

- **For example :**

(1) **Honesty** comes from the heart. (2) He is known for his **bravery**.

(3) **Darkness** prevails everywhere. (4) Sahadeva was known for his **wisdom**.

(5) We all should fight against **poverty**. (6) I know him since his **childhood**.

(7) She did not go to office due to her **sickness**. (8) Without **health**, there is no **happiness**.

(9) Always speak **truth**. (10) The elephant has great **strength**.

- **Differentiate the following nouns in proper, common, collective, abstract and material nouns.**

  boy, Ahjoliya, Tagore, team, freedom, steel, almond, woman, Keats, block, jute, liberty, wool, teacher, Mahendra Bahubali, N.D. Modi, army, mercury, navy, clay, thought, wood, India, China, Butter, Air force, doctor, rice, committee, beauty, family, merchant, village, Dharma, troop, Delhi, death, life, paper, glass, group, truth, swarm, cattle, coffee, justice, poultry, Trump, Obama, officer, gang, childhood, kindness, milk, ink. inkpot, rabble, muster, mustard, Tirupati, commission, computer, book, money, sugar, petrol, oxygene, joy, gold, king, city, Patan, country, fleet, parliament, edible oil, permission, jury, Asia, mob, continent, hive, Gandhinagar, anger, youth, company, Teena, basket, wheat, millet, bowl, flower, pack, capital, Rajasthan, score, mobile phone

**A list of some Collective Nouns is as below.**

| | For People | | For Animals and Insects | | For Things |
|---|---|---|---|---|---|
| 1 | A committee of members | 1 | A catch of fish | 1 | A group of islands |
| 2 | A group of people | 2 | An army of ants | 2 | A fleet of ships |
| 3 | An army of soldiers | 3 | A flight of birds | 3 | A galaxy of stars |
| 4 | A crew of sailors | 4 | A flock of birds | 4 | A wad of notes |
| 5 | A band of musicians | 5 | A haul of fish | 5 | A stack of wood |
| 6 | A gang of thieves | 6 | A flock of sheep | 6 | A string of pearls |
| 7 | A group of players | 7 | A herd of animals | 7 | An album of photos, stamps, autographs |
| 8 | A team of players | 8 | A hive of bees | 8 | A library of books |
| 9 | A troupe of artist/dancers | 9 | A litter of cubs | 9 | A range of mountains |
| 10 | A staff of employees | 10 | A host of sparrows | 10 | A wreath of flowers |
| 11 | A regiment of soldiers | 11 | A team of horses | 11 | A pack of cards |
| 12 | A tribe of natives | 12 | A troop of lions | 12 | A pair of shoes |
| 13 | An audience of listeners | 13 | A zoo of wild animals | 13 | A bouquet of flowers |
| 14 | A panel of experts | 14 | A pack of wolves | 14 | A bunch of grapes |
| 15 | A gang of laborers | 15 | A litter of puppies | 15 | A chest of dowers |
| 16 | A flock of tourist | 16 | A swarm of bees | 16 | A pack of lies |
| 17 | A board of directors | 17 | A team of ducks | 17 | A range of mountains |
| 18 | A crowd of people | 18 | A murder of crows | 18 | A cloud of dust |
| 19 | A choir of singers | 19 | A kennel of dogs | 19 | A dozen of bananas |
| 20 | A troop of soldiers | 20 | A pack of hounds | 20 | A bunch of keys |
| 21 | An assembly of members | 21 | A flight of birds | 21 | A bouquet of flowers |
| 22 | A band of musicians | 22 | A herd of cattle | 22 | A bundle of sticks |

| | For People | | For Animals and Insects | | For Things |
|---|---|---|---|---|---|
| 23 | A class of students | 23 | A hive of bees | 23 | A bunch of flowers |
| 24 | A bench of magistrates | 24 | A stock of camel | 24 | A bunch of keys |
| 25 | A bevy of ladies | 25 | A stud of horses | 25 | A bundle of sticks |
| 26 | A board of directors | 26 | A flock of birds | 26 | A code of laws |
| 27 | A caravan of travellers | 27 | A kennel of dogs | 27 | A collection of stamps |
| 28 | A council of advisers | 28 | A litter of pigs | 28 | A forest of trees |
| 29 | A crew of sailors | 29 | A swarm of ants | 29 | A league of nations |
| 30 | A family of members | 30 | A swarm of rats | 30 | A nursery of plants |
| 31 | A parliament of members | 31 | A gaggle of geese | 31 | A packet of cigarettes |
| 32 | A regiment of soldiers | 32 | A catch of fish | 32 | A pencil of rays |
| 33 | A mass of ruins | 33 | A drove of cattle | | |
| 34 | A parade of soldiers | 34 | A team of oxen | | |
| 35 | A panel of experts | 35 | A stud of ponies | | |

ઉપરના તમામ ઉદાહરણમાં A પછી લખાયેલ શબ્દો સમૂહવાચક શબ્દ (collective noun) માટે વપરાયેલાં શબ્દો છે.

- **વિશેષણ, ક્રિયાપદ અને જાતિવાચક નામ પરથી ભાવવાચક નામ (Abstract Noun) બનાવી શકાય છે જે નીચે મુજબ છે.**

1. **વિશેષણ (Adjective) પરથી :** kind – kindness, honest – honesty, wise – wisdom, young – youth, poor – poverty, strong – strength, vacant – vacancy, good – goodness, true – truth.
2. **ક્રિયાપદ (verb) પરથી :** obey – obedience, grow – growth, hate – hatred, act – action, move – movement, protect – protection, expect – expectation, punish – punishment.
3. **જાતિવાચક (common) નામ પરથી :** child – childhood, boy – boyhood, slave – slavery, pilgrim – pilgrimage, owner – ownership, thief – theft, bond – bondage, patriot – patriotism.

## Abstract Nouns

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Action** | એકશન | ક્રિયા | **Loneliness** | લોનલીનેસ | એકાંત |
| **Administration** | એડમિનિસ્ટ્રેશન | વહીવટ | **Loyalty** | લોયલ્ટી | વફાદારી |
| **Adventure** | એડવેન્ચર | સાહસ | **Luxury** | લક્ષરી | એશોઆરામ |
| **Aroma** | એરોમા | સુગંધ | **Majority** | મેજોરિટી | બહુમતી |
| **Average** | એવરેજ | સરેરાશ | **Manpower** | મેનપાવર | માનવબળ |
| **Awareness** | અવેરનેશ | જાગરૂકતા | **Memory power** | મેમરી પાવર | યાદશક્તિ |
| **Beauty** | બ્યુટી | સુંદરતા | **Minority** | માઈનોરિટી | લઘુમતી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Belief** | બિલિફ | માન્યતા | **Miracle** | મિરેકલ | ચમત્કાર |
| **Bitterness** | બિટરનેસ | કડવાશ | **Moral** | મોરલ | બોધ |
| **Bravery** | બ્રેવરી | બહાદુરી | **Muscle** | મસલ | સ્નાયુ |
| **Brutality** | બ્રુટાલિટી | જંગલીપણું | **Nature** | નેચર | પ્રકૃતિ |
| **Calamity** | કેલેમિટી | આફત | **Noise** | નોઈઝ | ઘોંઘાટ |
| **Childhood** | ચાઈલ્ડહૂડ | બાળપણ | **Old age** | ઓલ્ડ એજ | બુઢાપો |
| **Choice** | ચોઈસ | પસંદગી | **Omen** | ઓમેન | શુકન |
| **Clarification** | ક્લેરિફિકેશન | ચોખવટ | **Ownership** | ઓનરશિપ | માલિકી |
| **Clarity** | ક્લેરિટી | સ્પષ્ટતા | **Pain** | પેઈન | દુઃખાવો |
| **Cleanliness** | ક્લીન્લિનેશ | સ્વચ્છતા | **Performance** | પર્ફોર્મન્સ | દેખાવ |
| **Cleverness** | ક્લેવરનેશ | હોંશિયારી | **Perseverance** | પર્સિવિઅરન્સ | ખંત, પુરુષાર્થ |
| **Climate** | ક્લાઈમેટ | આબોહવા | **Politeness** | પોલાઈટનેશ | નમ્રતા |
| **Climax** | ક્લાઈમેક્સ | પરાકાષ્ઠા | **Politics** | પોલિટિક્સ | રાજનીતિ |
| **Comfort** | કમ્ફર્ટ | સુખ – સગવડ | **Poverty** | પોવર્ટી | ગરીબાઈ |
| **Commitment** | કમિટમેન્ટ | વાયદો | **Prediction** | પ્રેડિક્શન | આગાહી |
| **Concentration** | કોન્સન્ટ્રેશન | એકાગ્રતા | **Pride** | પ્રાઈડ | ગર્વ |
| **Consent** | કન્સન્ટ | સંમતિ/મંજૂરી | **Promotion** | પ્રમોશન | બઢતી |
| **Contribution** | કન્ટ્રિબ્યૂશન | ફાળો | **Refusal** | રિફ્યુઝલ | ઈન્કાર |
| **Co – operation** | કો – ઓપરેશન | સહકાર | **Prosperity** | પ્રોસ્પેરિટી | સમૃદ્ધિ |
| **Cost** | કોસ્ટ | કિંમત | **Protection** | પ્રોટેક્શન | રક્ષણ |
| **Courage** | કરેજ | હિંમત | **Provision** | પ્રોવિઝન | જોગવાઈ |
| **Courtesy** | કર્ટસી | વિવેક | **Punishment** | પનિશમેન્ટ | સજા |
| **Cowardice** | કાવર્ડિસ | કાયરતા | **Recognition** | રેકગ્નિશન | ઓળખાણ |
| **Cruelty** | ક્રુઅલ્ટી | કઠોરતા | **Reduction** | રીડક્શન | ઘટાડો |
| **Curiosity** | ક્યુરિઓસીટી | આતુરતા | **Deduction** | ડિડક્શન | બાદ, નિષ્કર્ષ |
| **Custom** | કસ્ટમ | રિવાજ | **Addition** | એડિશન | વધારો |
| **Darkness** | ડાર્કનેસ | અંધારું | **Revival** | રિવાઈવલ | પુનર્જીવન |
| **Death** | ડેથ | મૃત્યુ | **Relief** | રિલિફ | રાહત |
| **Decision** | ડિસીઝન | નિર્ણય | **Reputation** | રેપ્યુટેશન | પ્રતિષ્ઠા |
| **Decoration** | ડેકોરેશન | સજાવટ | **Production** | પ્રોડક્શન | ઉત્પાદન |
| **Delicacy** | ડેલિકેસી | નાજૂકતા | **Responsibility** | રિસ્પોન્સિબિલિટી | જવાબદારી |
| **Demotion** | ડિમોશન | અવનતિ | **Richness** | રિચનેશ | સમૃદ્ધિ |
| **Denial** | ડિનાયલ | ઈન્કાર | **Rigidity** | રિજિડિટી | અક્કડતા |
| **Depreciation** | ડેપ્રિસીએશન | ઘસારો | **Rudeness** | રૂડનેશ | ઉદ્ધતાઈ |
| **Depth** | ડેપ્થ | ઊંડાઈ | **Sadness** | સેડનેશ | ઉદાસીનતા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Development** | ડેવલપમેન્ટ | પ્રગતિ, વિકાસ | **Sanction** | સેન્કશન | મંજૂરી |
| **Dictatorship** | ડિક્ટેરશિપ | સરમુખત્યારશાહી | **Satisfaction** | સેટિસ્ફેકશન | સંતોષ |
| **Digestion** | ડાયજેશન | પાચન | **Security** | સિક્યુરિટી | સલામતી |
| **Disappointment** | ડિસપોઇન્ટમેન્ટ | નારાજગી | **Selfishness** | સેલ્ફિસનેશ | સ્વાર્થીપણું |
| **Dishonesty** | ડિસઓનેસ્ટી | અપ્રામાણિક્તા | **Separation** | સેપરેશન | જુદાઈ |
| **Distance** | ડિસ્ટન્સ | અંતર | **Seriousness** | સિરિયસનેશ | ગંભીરતા |
| **Donation** | ડોનેશન | દાન | **Society** | સોસાયટી | સમાજ |
| **Durability** | ડ્યુરેબિલિટી | ટકાઉપણું | **Solitude** | સોલિટયુડ | એકાંત |
| **Dedication** | ડેડિકેશન | સમર્પણ | **Speciality** | સ્પેશિયાલિટી | વિશેષતા |
| **Efficiency** | એફિસિઅન્સી | કાર્યક્ષમતા | **Speed** | સ્પીડ | ઝડપ |
| **Enmity** | એનમિટી | દુશ્મની | **Spirit** | સ્પિરીટ | જુસ્સો |
| **Exemption** | એકઝેમ્પશન | મુક્તિ | **Stamina** | સ્ટેમિના | તાકાત |
| **Facility** | ફેસિલિટી | સગવડ | **Stiffness** | સ્ટિફનેશ | અક્કડતા |
| **Factor** | ફેક્ટર | પરિબળ | **Advice** | એડવાઈસ | સલાહ |
| **Faith** | ફેઈથ | શ્રદ્ધા | **Strength** | સ્ટ્રેન્થ | તાકાત |
| **Fate** | ફેટ | નસીબ | **Success** | સક્સેસ | સફળતા |
| **Fatness** | ફેટનેસ | જાડાપણું | **suffering** | સફરિંગ | દુઃખ, પીડા |
| **Fertility** | ફર્ટિલિટી | ફળદ્રુપતા | **Summary** | સમરી | સારાંશ |
| **Filtration** | ફિલ્ટ્રેશન | પાણીને ગાળવાની ક્રિયા | **Technique** | ટેકનિક | તકનિકી, પ્રવિધિ |
| **Firmness** | ફર્મનેશ | દઢતા | **Unique** | યુનિક | અજોડ |
| **Flair** | ફ્લૅઅર | ઢબ, અભિરુચિ | **Tempo** | ટેમ્પો | જુસ્સો, વેગ |
| **Fragrance** | ફ્રેગ્રન્સ | સુગંધ, મહેક | **Theft** | થેપ્ટ | ચોરી |
| **Freedom** | ફ્રિડમ | સ્વતંત્રતા | **Theme** | થીમ | વિષય, બાબત |
| **Freshness** | ફ્રેશનેશ | તાજગી | **Thickness** | થિકનેશ | જાડાઈ |
| **Friendship** | ફ્રેન્ડશીપ | મિત્રતા | **Thirst** | થ્રસ્ટ | તરસ |
| **Frigidity** | ફ્રિજિડિટી | શિથિલતા | **Thrill** | થ્રિલ | કમકમાટી/રોમાંચ |
| **Frustration** | ફ્રસ્ટ્રેશન | અકળામણ | **Timidity** | ટિમિડિટી | કાયરતા |
| **Generosity** | જેનરોસિટી | ઉદારતા | **Tolerance** | ટોલરન્સ | સહિષ્ણુતા |
| **Gesture** | જેસ્ચર | નખરાં, ચેષ્ટા | **Truth** | ટ્રૂથ | સત્ય |
| **Gladness** | ગ્લેડનેશ | ખુશી | **Uniformity** | યુનિફોર્મિટી | સમાનતા/એકસૂત્રતા |
| **Arrival** | અરાઈવલ | આગમન | **Unity** | યુનિટી | એકતા |
| **Habit** | હેબિટ | ટેવ, આદત | **Utility** | યુટિલિટી | વપરાશ/ઉપયોગિતા |
| **Happiness** | હેપિનેશ | ખુશી | **Verdict** | વર્ડિક્ટ | ચુકાદો |
| **Harassment** | હેરેસમેન્ટ | પરેશાની | **Vibration** | વાઈબ્રેશન | ધ્રુજારી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Haste** | હેસ્ટ | ઉતાવળ | **Viewpoint** | વ્યુ – પોઈન્ટ | દૃષ્ટિબિંદુ |
| **Hatred** | હેટરેડ | નફરત | **Violation** | વાયોલેશન | ઉલ્લંઘન |
| **Proposal** | પ્રપોઝલ | દરખાસ્ત | **Warmth** | વોર્મ્થ | ગરમી, હૂંફ |
| **Height** | હાઈટ | ઊંચાઈ | **Weakness** | વિકનેશ | કમજોરી |
| **Honesty** | ઓનેસ્ટી | પ્રમાણિકતા | **Wealth** | વેલ્થ | સંપત્તિ |
| **Honour** | ઓનર | બહુમાન | **Welfare** | વેલ્ફેર | કલ્યાણ |
| **Ideology** | આઈડિયોલોજી | વિચારધારા | **Width** | વિડ્થ | પહોળાઈ |
| **Illustration** | ઈલ્યુસ્ટ્રેશન | ઉદાહરણ | **Wish** | વિશ | ઈચ્છા |
| **Importance** | ઈમ્પોર્ટન્સ | મહત્ત્વ | **Youth** | યુથ | યુવાવસ્થા |
| **Inconvenience** | ઈન્કન્વીનિઅન્સ | અગવડત | **Breadth** | બ્રેડ્થ | પહોળાઈ, પનો |
| **Increment** | ઇન્ક્રિમેન્ટ | વધારો | **Humidity** | હ્યુમિડિટી | ભેજ |
| **Innocence** | ઈનોસન્સ | ભોળપણ | **Bitterness** | બિટરનેશ | કડવાશ |
| **Intensity** | ઈન્ટેન્સિટી | તીવ્રતા | **Sweetness** | સ્વીટનેશ | મીઠાશ |
| **Investigation** | ઈન્વેસ્ટિગેશન | તપાસ | **Justice** | જસ્ટીસ | ન્યાય |
| **Irregularity** | ઈરેગ્યુલેરિટી | અનિયમિતતા | **Manhood** | મેનહુડ | મનુષ્યત્વ |
| **Regularity** | રેગ્યુલિરિટી | નિયમિતતા | **Safety** | સેફટી | સલામતી |
| **Jubilation** | જ્યુબિલેશન | આનંદ, હર્ષ | **Failure** | ફેઈલર | નિષ્ફળતા |
| **kindness** | કાઈન્ડનેશ | દયા, કૃપા | **Friendship** | ફ્રેન્ડશિપ | મિત્રતા, મૈત્રી |
| **Knowledge** | નોલેઝ | જ્ઞાન | **Pilgrimage** | પિલ્ગ્રિમિજ | યાત્રા |
| **Laughter** | લાફટર | હાસ્ય | **Gluttony** | ગ્લટનિ | ખાઉધરાપણું |
| **Laziness** | લેઝિનેશ | આળસ | **Boyhood** | બોયહુડ | બાળપણ |
| **Leisure** | લેઝર | નવરાશ | **Excellence** | એક્સેલન્સ | શ્રેષ્ઠતા |
| **Length** | લેન્થ | લંબાઈ | **Conversation** | કૉન્વર્સેશન | વાર્તાલાપ, વાતચીત |
| **Service** | સર્વિસ | સેવા | **Wisdom** | વિઝડમ | શાણપણ |
| **Education** | એજ્યુકેશન | શિક્ષણ | **Admission** | એડમિશન | પ્રવેશ |
| **Elopement** | ઈલોપમેન્ટ | પ્રેમી સાથે નાસી જવું | **Thought** | થોટ | વિચાર |

Unleash the topper in you

# 3 CHAPTER Sentence – વાક્ય

નીચેનાં શબ્દસમૂહોનો અભ્યાસ કરો.

1. Finished work already has he.
2. I watching movie am now.
3. She a book buy next week will.

ઉપર દર્શાવેલ શબ્દસમૂહોનો અભ્યાસ કરતાં કોઈ સ્પષ્ટ અર્થ નીકળતો નથી.

જ્યારે નીચેનાં વાક્યોનો અભ્યાસ કરતાં તે વાક્ય શું કહેવા માંગે છે તે સ્પષ્ટ અર્થ નીકળે છે. તેથી તેને વાક્ય કહેવાય.

1. He has already finished work.
2. I am watching movie now.
3. She will buy a book next week.

A Group of words that makes a complete sense is called a sentence.

એવો એક શબ્દસમૂહ જે વાક્યની પૂરેપૂરી સમજ આપે તેને વાક્ય કહેવાય છે.

- **Sentences and phrases** (વાક્યો – શબ્દસમૂહો)

વાક્યમાં એક કર્તા (Subject) અને વિધેય (Predicate – ક્રિયાપદ, કર્મ, અન્ય શબ્દો) હોય છે. જે કર્તા વિશેની પૂરેપૂરી સમજ આપે છે.

શબ્દસમૂહ (Phrase)માં બધા શબ્દો થોડીક સમજ આપે છે પણ વાક્ય જેટલી નહિ. શબ્દસમૂહમાં કોઈ ક્રિયાપદ હોય પણ ખરું અને ન પણ હોય. દા.ત., in the class, during the vacation, in the begining વગેરે

- **Subject and Predicate** (કર્તા અને વિધેય)

દરેક વાક્ય બે ભાગમાં વહેંચાયેલું હોય છે. કર્તા અને વિધેય

| **Subject** (કર્તા) | **Predicate** (વિધેય) |
|---|---|
| 1. Jignesh | is a hardworking boy. |
| 2. The rich | are not happy. |
| 3. The lion | does not eat grass. |

**Subject** (કર્તા)

વ્યક્તિ કે વસ્તુનો ઉલ્લેખ કરે છે. તે ક્રિયાનો કર્તા હોવાથી તેને Subject કહેવાય છે.

જ્યારે **Predicate** (વિધેય) કર્તાની માહિતી આપે છે. દા.ત. વાક્ય (**1**)માં Jignesh એ Subject છે અને is a hard working boy એ Predicate છે.

- **Types of Sentences** (વાક્યોના પ્રકારો)

વાક્યો ચાર પ્રકારનાં હોય છે.

(1) Assertive or Declarative Sentences – વિધાન વાક્યો

(2) Interrogative Sentences – પ્રશ્નાર્થ વાક્યો

(3) Imperative Sentences – આજ્ઞાર્થ વાક્યો

(4) Exclamatory Sentences – ઉદ્‌ગાર વાક્યો

**નોંધ :-** Affermative (હકાર/વિધિ વાક્ય) તથા Negative (નકાર/નિષેધ/નિધિ વાક્ય) એ આ ચારેય વાક્યના પેટા પ્રકારમાં આવે.

- **Assertive or Declarative Sentence – વિધાન વાક્ય**

જે વાક્યમાં જે તે સમય અનુસાર કશાક વિશે કોઈ વિધાન કરવામાં આવ્યું હોય તેવાં વાક્યને Assertive કે Declarative Sentence કહેવાય છે.

આવાં વાક્યોની શરૂઆત કોઈ નામ કે સર્વનામથી અથવા ક્રિયાપદ સિવાયના અન્ય કોઈ શબ્દથી થાય છે અને અંતે પૂર્ણવિરામ હોય છે. આવા વાક્યો હકાર કે નકાર બંને પ્રકારના હોય છે. હકાર વિધાન વાક્યને Affirmative Sentence (વિધિ વાક્ય) અને નકાર વિધાન વાક્યને Negative Sentence (નિષેધ વાક્ય) કહેવાય છે.

1. We enjoyed travelling. (Affirmative)
2. She can not understand English. (Negative)
3. We should not insult our elders. (Negative)
4. They live in 3 BHK flat. (Affirmative)

- **Interrogative Sentences – પ્રશ્નાર્થ વાક્યો.**

જે વાક્યમાં કંઈક માહિતી મેળવવા પ્રશ્ન પૂછવામાં આવે તેવા વાક્યને Interrogative Sentence (પ્રશ્નાર્થ વાક્ય) કહેવામાં આવે છે.

આવાં પ્રશ્નાર્થ વાક્યોની શરૂઆત How કે wh – words (what, which, who, whom, whose, why, where, when, how, howmany, howmuch) કે Auxiliary Verb – સહાયકારી ક્રિયાપદથી થાય છે. વાક્યના અંતે પ્રશ્નાર્થ ચિહ્ન આવે છે.

1. Why was she absent in the meeting ?
2. Where did you go yesterday ?
3. Does he live in this town ?
4. Whom will you help ?

- **Imperative Sentences** (આજ્ઞાર્થ વાક્યો)

જે વાક્ય સામેની વ્યક્તિને કંઈક કરવા કે કંઈક નહિ કરવા વિનંતી, સલાહ, સૂચન આપતું હોય તેવા વાક્યને Imperative sentence (આજ્ઞાર્થ વાક્ય) કહેવાય છે. આવાં વાક્યની શરૂઆતમાં ક્યારેક Please કે Kindly જેવા શબ્દો વપરાય છે.

આવાં વાક્યની શરૂઆત ક્રિયાપદનાં મૂળરૂપ (V1) કે Don't કે Do notથી થાય છે. વાક્યના અંતે પૂર્ણવિરામ હોય છે.

આજ્ઞાર્થ વાક્યોમાં કર્તા આપેલ હોતો નથી. Youને આજ્ઞાર્થ વાક્યનો કર્તા સમજવામાં આવે છે.

1. Don't make a noise.
2. Come here and sit down.
3. Please, help me finish the work.
4. Let them play chess.
5. Let's learn English. (આવા વાક્યમાં you ની સાથે બોલનાર I / weનો સમાવેશ પણ કર્તામાં થયેલો ગણાય.)

- **Exclamatory Sentences** (ઉદ્‌ગાર વાક્યો)

જે વાક્ય અચાનક અનુભવાયેલી કોઈ લાગણી કે ઈચ્છા વ્યક્ત કરતું હોય તેને Exclamatory Sentence કહેવાય છે.

આવાં વાક્યો સામાન્ય રીતે How કે What થી શરૂ થતાં હોય છે. અમૂક વાક્યો May થી પણ શરૂ થતાં હોય છે. વાક્યને અંતે ઉદ્‌ગાર ચિહ્ન મૂકાય છે. અમૂક વાક્યોની શરૂઆતમાં Oh – Ah, Wow, Hurrah, Bravo, Hurray, Alas જેવા ઉદ્‌ગારસૂચક

શબ્દો સાથે ઉદ્ગાર ચિહ્ન આવે છે.

1. How beautiful she looks !
2. What a lazy boy Vijay is !
3. Alas ! His father is no more.
4. May you be happy !
5. Hurrah ! We have won the final match.

Toppersnotes
Unleash the topper in you

# 4 CHAPTER Singular – Plural – એકવચન – બહુવચન

- જાતિવાચક નામનો ઉપયોગ એકવચન તેમજ બહુવચન બંનેમાં થઈ શકે છે. જે નીચેનાં ઉદાહરણો પરથી જાણી શકાય છે.
- **Example:-** computer – computers, brush – brushes, book – books, toy – toys, tree – trees, boy– boys, phone – phones, pen – pens, girl – girls, driver – drivers, desk – desks, cow – cows, dog – dogs etc.

- ગણી શકાય તેવાં **(Countable)** નામો એકવચન તેમજ બહુવચનમાં વાપરી શકાય છે.
- **Example:-** table – tables, man – men, country – countries, tree – trees, car – cars, bus – buses, dancer – dancers, phone – phones, pen – pens etc.

- ગણી ન શકાય તેવાં (Uncountable) નામો એકવચનમાં જ વપરાય છે તેનું બહુવચન થઈ શકતું નથી માટે તે હંમેશા એકવચનમાં જ લખવામાં આવે છે.

  **Example:-** money, knowledge, practice, regularity, information, importance, advice, oil, furniture, water, bread, gold, luggage, honey, copper, millet, ink, milk, wisdom, poverty etc.

**યાદ રાખો :** સાધારણ રીતે Uncountable noun ને **'s'** કે **'es'** પ્રત્યય લાગતો નથી, તેમજ તેમની આગળ **a** કે **an** આર્ટિકલ ક્યારેય વપરાતા નથી.

**અપવાદ (Exception):-** Money ગણી શકાતું હોવા છતાં અપવાદ હોવાથી એકવચનમાં જ વપરાય છે.

- દ્રવ્યવાચક અને ભાવવાચક નામ હંમેશાં એકવચનમાં જ વપરાય છે.
- **Example:-** copper (તાંબું), mercy (દયા), wheat, jute (શણ), milk, coffee, hunger (ભૂખ), intelligence (હોંશિયારી), bravery (બહાદુરી), honesty (પ્રામાણિકતા) વગેરેનું ક્યારેય બહુવચન થઈ શકે નહીં.

**યાદ રાખો :** દ્રવ્યવાચક અને ભાવવાચક નામોને **'s'** કે **'es'** પ્રત્યય લાગતો નથી, તેમજ આગળ **'a'** કે **'an'** આર્ટિકલ વપરાતો નથી.

નીચેના શબ્દો પછી હંમેશાં બહુવચનનું નામ જ આવે છે.

- **Example:-** One of, each of, both of, all, few, many, several, a number of, the number of etc.
- **Example:-** One of the **students** has got the first prize.
  A number of **players** were present in the meeting.
  Each of the **girls** was given the purse.
  Both the **brothers** were selected.

- નીચેના શબ્દો પછી આવતું નામ એકવચનમાં જ હોય છે.
- **Example:-** Each, every, more than, one, many a, much, little etc.

- **Example:-** Each **<u>student</u>** was given a new bag.
  Every **<u>Indian</u>** is a great person.

- Most of the singular nouns are turned into plural by adding **'s'** and **'es'.**
  **મોટાભાગના એકવચનનાં નામનું બહુવચન 's' અને 'es' પ્રત્યય ઉમેરવાથી થાય છે.**

- **Example :-** bench – benches, dish – dishes, watch – watches, chair – chairs, boy – boys, cow – cows, radio – radios, studio – studios, table – tables, pen – pens, desk – desks, catch – catches, class – classes etc.

- **પરંતુ જો નામને અંતે s, ss, sh, <u>ch</u>, o, z કે x હોય તો તેનું બહુવચન 'es' પ્રત્યક્ષ ઉમેરવાથી થાય છે.**

- **Example:-** bench – benches, catch – catches, dish – dishes, watch –watches, wish –wishes, class – classes, bus – buses, lass (છોકરી) – lasses, mango – mangoes, hero – heroes, box – boxes, tax – taxes, kiss – kisses, match –matches, brush – brushes, buffalo – buffaloes, potato – potatoes, cargo – cargoes, echo – echoes, negro – negroes, volcano – volcanoes, quiz – quizzes, topaz (પોખરાજ) – topazes, cloth (કોઈ એક કપડું) – clothes

  **અપવાદ :** index – indices, ox – oxen, syllabus –syllabi, focus – foci, cloth (કાપડનો ટૂકડો) – cloths

**યાદ રાખો :** જે ગ્રીક નામની પાછળ is હોય, તેનું બહુવચન is ની જગ્યાએ es મૂકવાથી થાય છે.

- **Example :-** axis (ધરી) – axes, analysis (પૃથક્કરણ) – analyses, basis (પાયો) – bases, crisis (કટોકટી) – crises, diagnosis (નિદાન) – diagnoses, hypothesis (કલ્પના) – hypotheses, oasis (રણદ્વિપ) – oases, parenthesis (કૌંસ) – parentheses, synopsis (રૂપરેખા) – synopses, synthesis (સંયોજન) – syntheses, antithesis (વિપરિત વિધાન) – antitheses, neurosis (જ્ઞાનતંતુની વિકૃત્તિ) – neuroses, ellipsis (લોપ) – ellipses

  **અપવાદ : જો શબ્દને અંતે 'O' હોય અને તેના પહેલા કોઈ સ્વર હોય તો તેવા શબ્દને માત્ર 's' લગાડવાથી બહુવચન થાય છે.**

- **Example :-** radio – radios, studio – studios, cuckoo – cuckoos, bamboo – bamboos, tattoo – tattoos, folio (પન્ના) – folios, cameo – cameos, curio – curios (કલાકૃતિ), portfolio – portfolios, ratio – ratios, stereo – stereos, video – videos, radio –radios, scenario –scenerios, shampoo – shampoos

  **અપવાદ : જો શબ્દને અંતે 'O' હોય અને તેના પહેલા કોઈ વ્યંજન હોય છતાં પણ તેવા શબ્દને માત્ર 's' લગાડવાથી બહુવચન થાય છે.**

- **Examples :-** photo – photos, kilo – kilos, canto (અંતરો) – cantos, dynamo – dynamos, embryo (ભ્રૂણ) – embryos, concerto – concertos, commando – commandos, piano – pianos, provisio – provisios, maestro (ઉસ્તાદ) – maestros, quarto (ચોથિયું) – quartos, momento – momentos, solo – solos, ego – egos

  **અપવાદ : જો શબ્દોને અંતે આવેલ <u>ch</u> નો ઉચ્ચાર <u>ક</u> થતો હોય તો તેના માત્ર 's' પ્રત્યય ઉમેરવો.**

- **Example :-** monarch (રાજા) – monarchs, stomach (પેટ) – stomachs , eunuch (વ્યંઢળ) – eunuchs, epoch (યુગ) – epochs

- જો શબ્દને અંતે **'Y'** આપવામાં આવે તો, શબ્દાંતે આવેલ **'y'** ની પહેલાંનો અક્ષર તપાસવો. જો **'y'** ની પહેલાં એક વ્યંજન હોય તો **y** દૂર કરીને **ies** પ્રત્યય ઉમેરવો.
- **Example:-** city – cities, army – armies, family – families, pony – ponies, secretary – secretaries, army – armies, story – stories, country – countries, lady – ladies, lily – lilies, body – bodies, fly – flies, university – universities, copy – copies, baby – babies, city – cities, dairy – dairies, diary – diaries

પરંતુ જો શબ્દાંતે આવેલ **'y'** ની પહેલાં સ્વર હોય તો માત્ર **'s'** પ્રત્યય ઉમેરવો.

- **Example :-** play – plays, toy – toys, valley – valleys, ray – rays, boy – boys, monkey – monkeys, donkey – donkeys, toy – toys, key –keys, chimney – chimneys, day – days, journey – journeys, bay – bays

**યાદ રાખો :** Honey તથા Moneyનું બહુવચન થાય નહિ છતાં ક્યાંય પૂછવામાં આવે તો Honey અથવા Money જે પૂછ્યું હોય તે લખવું.

- શબ્દાંતે આવેલ **'f'** અથવા **'fe'** નું, **'ves'** કરવાથી બહુવચન બને છે.
- **Example:-** wife (પત્ની) – wives, leaf (પાંદડું) – leaves, elf (યક્ષ) – elves, calf (વાછરડી) – calves, shelf (માળીયુ) – shelves, life (જિંદગી) – lives, knife (છરી) – knives, thief (ચોર) – thieves, loaf (પાંઉનો ટૂકડો) – loaves, half (અડધિયું) – halves

**અપવાદ :** નીચેના શબ્દમાં માત્ર **'s'** પ્રત્યય લાગે છે.

- **Example:-** safe (તિજોરી) – safes, chef (મુખ્ય રસોઈયો) – chefs, brief (સંક્ષિપ્ત) – briefs, chief (મુખી) – chiefs, hoof (ઘોડનું ડાબલું) – hoofs, dwarf (ઠિંગુજી) – dwarfs, roof (છાપરું) – roofs, strife (ઝગડો) – strifes, cliff (શિલા) – cliffs, serf (દરિયાનું મોજું) – serfs, grief (દુ:ખ) – griefs, fife (વાંસળી) – fifes, gulf (અખાત) – gulfs, handkerchief (હાથરૂમાલ) – handkerchiefs, reef (ચટ્ટાન) – reefs, belief (માન્યતા) – beliefs, proof (સબૂત) – proofs, puff (જાહેરાત) – puffs, mischief (તોફાન) – mischiefs, staff (કર્મચારીગણ) – staffs, stuff (કાપડ / વસ્તુ) – stuffs, turf (ઘાંસ) – turfs, wharf (ધક્કો) – wharfs

- નીચેનાં નામો એકવચનનું રૂપ ધરાવે છે, પણ બહુવચનમાં વપરાય છે.
- **Example :-** cattle (ઢોર), police (પોલીસ), people (લોકો), youth (યુવાનો), poultry (મરઘાં), gentry (લોકવર્ગ), cavalry (અશ્વદળ), clergy (ધર્મગુરુનું મંડળ), laity (સંસારી લોકો), crew (જહાજના ખલાસીઓ), vermin (શિકારનાં પ્રાણીઓ)

- નીચેનાં નામો એકવચન અને બહુવચનમાં સમાન જ રહે છે અને પરીક્ષામાં વારંવાર પૂછાય છે, માટે ગોખી નાખો.
- **Example :-** fish (માછલી), deer (હરણ), means (સાધન), cod (માછલી), crops (પાક), yoke (ધૂંસરી), trout (માછલી), salmon (માછલી), dozen (બાર નંગ), score (કોડી/વીસ નંગ), hundred, thousand, village after village, word for word, sheep, swine (ભૂંડ), species (પ્રજાતિ), series (શ્રેણી), Plaice (માછલી), moose (હરણ), aircrarft, offspring (સંતાન), issue (સંતાનના અર્થમાં વપરાય તો જ), beauty (સૌંદર્ય), grouse (તેતર જેવું પક્ષી)

- જેના બે ભાગ છે તેવાં સાધનો અને કપડાં બહુવચનમાં આવે છે.
  - **Example :-** spectacles (ચશ્મા), glasses (ચશ્મા), balances (ત્રાજવા), scissors (કાતર), pliers (પક્કડ), tongs (ચિપિયો), shears (મોટી કાતર), scales (ત્રાજવા), binoculars (દૂરબીન), pincers (સાણસી), trousers (પાયજામો), pyjamas (પાયજામો), socks (મોજા), shorts (ચડ્ડો), pants (પેન્ટ), pantaloons (પાટલૂનની જોડ), knickers (ચોરણો), tights (સૂરવાળ), leggins (સૂરવાળ), flannels (પાટલૂન), breeches (ચોરણો), jeans

- ઘણાં નામોમાં સ્વરમાં ફેરફાર કરવાથી બહુવચનનું નામ બને છે. જેમ કે, 'a'ની બદલે 'e' અથવા 'o'ની બદલે 'e' મૂકવું.
  - **Example :-** Foot – feet, Tooth – teeth, Goose – geese (હંસ), Mouse – mice (ઉંદર), Dormouse – dormice (જંગલી ઉંદર), Louse – lice (જૂ), Man – men, Woman – women

  સામાન્ય રીતે નામને અંતે આવતા manને બદલે men મૂકવાથી બહુવચન બને છે.

  - **Example :-** Washerman – Washermen, Frenchman – Frenchmen, Watchman – Watchmen, Fireman – Firemen

  પરંતુ નીચેના શબ્દોમાં આ નિયમ લાગુ પડતો નથી.

  Mussulman – Mussulmans, Doberman – Dobermans, Brahman – Brahmans, German – Germans, Roman – Romans

- સંખ્યાઓનું બહુવચન સામાન્ય રીતે 's' લગાવવાથી બને છે.

  five – fives, nine – nines, seven – sevens, three – threes, one – ones, hundred – hundreds etc.

- અમુક નામોનું બહુવચન 'en' પ્રત્યય લગાડવાથી થાય છે.
  - **Example :-** brother – brethren (સામાજિક ભાઈઓ), brother – brothers (સગા ભાઈઓ), child – children (બાળકો), ox – oxen (બાળકો)

- અક્ષર (વર્ણ), સંક્ષેપાક્ષરોનું બહુવચન
  - **Example :-** M – Ms, M.A. – M.As, M.L.A. – M.L.As, Mr. – Messers, Mrs. – Mesdames, 8 – 8s, P (પેજ – પૃષ્ઠ) – PP (pages), I (line – રેખા) – II (lines – રેખાઓ)

- નીચેનાં નામોને અંતે 's' હોવા છતાં તે નામો એકવચનનાં જ ગણાય છે. જેમ કે,

  **વિષયોનાં નામ** : Civics (નાગરિક શાસ્ત્ર), Physics (ભૌતિકશાસ્ત્ર), Economics (અર્થશાસ્ત્ર), Mathematics (ગણિતશાસ્ત્ર), Phonetics (ઉચ્ચારણ – ધ્વનિશાસ્ત્ર), Aesthetics (સૌંદર્યશાસ્ત્ર)

  **રોગોનાં નામ** : Mumps (ગાલપચોળિયું), Measles (ઓરી), Piles (હરસ), Scabies (ખરજવું, ખસ), Diabetes (મધુપ્રમેહ), Ascites (જલોદર)

  **ભૌગોલિક નામ** : Athens, Naples, United States, Algiers, Wales, Flanders, Brussels

**વ્યક્તિઓનાં નામ** : Williams, Jones, Smiths, D – Villiers, Jamanadas, Hockins, Dupins, Morls

**રમતોનાં નામ** : Billiards, Darts, Draughts, Bowls, Ninepins, Checkers, Dominoes

**અન્ય નામ** : News, wages (દૈનિક મજૂરી – દાડી), innings, gallows (વધસ્તંભ)

- નીચેનાં શબ્દો હંમેશાં બહુવચનમાં વપરાય છે.
- **Example :-** amends, arms, annals, arrears, auspices, belongings, archives, clothes, customs, contents, circumstances, earnings, savings, riches, goods, greens, lodgings, looks, manners, particulars, nuptials, pains, remains, premises, stairs, valuables, vegetables, troops, thanks, tidings, surroundings, compliments, congratulations, greetings, regards, credentials, respects.

**યાદ રાખો :** નીચેનાં નામો એકવચનમાં વપરાય છે.

- જે લેટિન નામોની પાછળ **'um'** છે. તેનું બહુવચન **'um'** ની જગ્યાએ **'a'** મૂકવાથી થાય છે.
- **Example :-** addendum (પુરવણી, પરિશિષ્ટ) – addenda, agendum (કાર્યસૂચિ) – agenda, aquarium (માછલીઘર) – aquaria, aquariums, becterium (બૅક્ટેરિયા) – bacteria, cerebrum (મગજનો મુખ્ય ભાગ) – cerebra, corrigendum (શુદ્ધિપત્રક) – corrigenda, crematorium (સ્મશાન) – crematoria, crematoriums, curriculum (અભ્યાસક્રમ) – curricula, curriculums, datum (વિગત) – data, desideratum (આવશ્યક) – desiderata, dictum (કહેવત) – dicta, emporium (મોટી દુકાન) – emporia, emporiums, equilibrium (સમતોલ) – equilibria, erratum (છાપકામ કે લેખનની ભૂલ) – errata, exordium (નિબંધ કે લખાણનો શરૂઆતનો ભાગ) – exordia, exordiums, gymnasium (વ્યાયામશાળા, અખાડો) – gymnasia, gymnasiums, maximum (મહત્તમ) – maxima, medium (માધ્યમ) – media, mediums, memorandum (યાદી, દસ્તાવેજ, સ્મરણ**નોંધ**) – memoranda, memorandums, millenium (સહસ્રાબ્દી) – millenia, moratorium (કામચલાઉ મનાઈ હુકમ) – moratoria, moratoriums, mininum (લઘુત્તમ) – minima, optimum (ઈષ્ટતમ) – optima, optimums, ovum (અંડકોષ) – ova, quantum (જથ્થો, હિસ્સો) – quanta, referendum (લોકમત) – referenda, referendums, sanatorium (આરોગ્ય ભવન) – sanatoria, sanatoriums, stratum (સ્તર) – strata, symposium (નિબંધ કે લેખસંગ્રહ) – symposia, symposiums, trapezium (ચાર સમાન્તર બાજુઓ વાળી આકૃતિ) – trapezia, trapeziums, tympanum (કર્ણપટલ) – tympana, tympanums, ultimatum (અંતિમ મુદ્દત) – ultimata, ultimatums, vaccum (શૂન્યાવકાશ) – vacua, vaccums

**યાદ રાખો :** નીચેના શબ્દોને માત્ર **'s'** લાગે છે.

- **Example :-** album – albums, museum – museums, forum – forums, stadium – stadiums, premium – premiums, auditorium – auditoriums, aquarium – aquariums (aquaria), curriculum – curriculums (curricula), harmonium – harmoniums, gymnasium – gymnasiums, asylum – asylums, decorum – decorums, petroleum – petroleums, pendulum – pendulums, euphonium – euphoniums, stratum – stratums (strata), rostrum – rostrums (rostra), podium – podiums (podia), millennium – millenniums (millennia)

- જે લેટિન શબ્દને અંતે 'us' આવતું હોય તેમાં 'us'ને બદલે 'i' મૂકવાથી તેનું બહુવચન થાય.
- **Example :-** alumnus (ભૂતપૂર્વ વિદ્યાર્થી) – alumni, bacillus (સૂક્ષ્મ જીવાણું) – bacilli, colossus (વિશાળકાય પૂતળું) – colossi, focus (કેન્દ્ર) – foci, focuses, fungus (ફૂગ) – fungi, funguses, locus (ચોક્કસ સ્થળ)

– loci, nucleus (મધ્યવર્તી ભાગ) – nuclei, nucleuses, radius (ત્રિજ્યા) – radii, stimulus (પ્રેરણા, ઉત્તેજક) – stimuli, syllabus (અભ્યાસક્રમ) – syllabi, syllabuses, terminus (સમાપ્તિ) – termini, terminuses

- જ્યાં બહુવચનમાં બે રૂપો આપેલા છે ત્યાં તે બેમાંથી કોઈ એક રૂપ થઈ શકે છે.
- જે લેટિન શબ્દને અંતે 'a' હોય ત્યાં આવતું હોય તેમાં 'a'ને બદલે 'ae' મૂકવાથી તેનું બહુવચન થાય.
- **Example :-** alga (પાણીમાં ઊગતો છોડ) – algae, alumna (ભૂતપૂર્વ વિદ્યાર્થી) – alumnae, amoeba (અમીબા) – amoebae, antenna (ઍન્ટિના) – antennae, antennas, axilla (કાખ) – axillae, fauna (પ્રાણી) – faunae – faunas, flora (વનસ્પતિ) – florae, floras, formula (નિયમ) – formulae, formulas, larva (ઈયળ) – larvae, maxilla (જડબું) – maxillae, nebula (નિહારિકા) – nebulae, nebulas, persona (વ્યક્તિત્વનું લક્ષણ) – personae, retina (નેત્રપટ) – retinae, retinas, trachea (શ્વાસનળી) – tracheae, urethra (મૂત્રમાર્ગ) – urethrae, urethras, vegina (યોનિ) – vaginae, vaginas, vertebra (કરોડરજ્જુનો મણકો) – vertebrae, vertebras, uvula (તાળવાનો ભાગ) – uvulae
- જ્યાં બહુવચનમાં બે રૂપો આપેલા છે ત્યાં તે બેમાંથી કોઈ એક રૂપ થઈ શકે છે.

- જે લેટિન શબ્દને અંતે 'ex / ix' હોય ત્યાં આવતું હોય તેમાં 'ex / ix'ને બદલે 'ices' મૂકવાથી તેનું બહુવચન થાય.
- **Example :-** apex (અણી) – apices, apexes, appendix (આંત્રપુચ્છ) – appendices, appendixes, codex (હસ્તલિખિત ગ્રંથ) – codices, index (નિદર્શક) – indices, matrix (ઘાટ) – matrices, vortex (વમળ) – vortices, vortexes,
- Miscellaneous nouns (અન્ય મિશ્ર નામો) : tempo (વેગ) – tempi, adieu (સલામ) – adieux, bureau (કચેરી) – bureaux, tableau (ચિત્રદશ્ય) – tableaux, plateau (ઉચ્ચ પ્રદેશ) – plateaux, beau (પ્રેમી) – beaux

- જે ગ્રીક શબ્દને અંતે 'on' આવતું હોય તેમાં 'on' ને બદલે 'a' કરવાથી જે તે શબ્દનું બહુવચન બને.
- **Example :-** criterion (ધારાધોરણ) – criteria, phenomenon (ઈન્દ્રિયગમ્ય બનાવ) – phenomena

- જો સંયુક્ત નામમાં અંતિમ પદ નામ હોય તો તેને **'s'** લગાડવાથી બહુવચન થાય છે.
- **Example :-** boy – friend – boy – friends, girl – friend – girl – friends, fountain – pen – fountain – pens.
- જો સંયુક્ત નામમાં નામની પહેલાં વિશેષણ હોય તો તેમને **'s'** લગાડવાથી બહુવચન થાય છે.
- **Example:-** maid–servant: maid–servants, fellow – traveller: fellow – travellers.

- જ્યારે સંયુક્ત નામોનું પ્રથમ man કે woman હોય અને બીજું પણ Common Noun હોય ત્યારે બંને પદોનું બહુવચન થાય છે.

  **Example:-** woman – doctor : women – doctors, man – servant : men – servants

- પરંતુ જ્યારે સંયુક્ત નામનો પ્રથમ શબ્દ નામ હોય અને બીજો શબ્દ ક્રિયાપદ પરથી બનેલું કર્તુવાચક નામ હોય તો બીજા શબ્દને **'s'** લગાડવાથી બહુવચન બને છે.
- **Example :-** woman – hater – woman – haters, art – lover – art – lovers, stone – carver –

stone – carvers, man eater – man eaters, man lover – man lovers

- **નીચેના શબ્દોનું બહુવચન યાદ રાખવું જ પડે. ગોખી નાખો.**
- **Example :-** Man – of – war – Men – of – war, Mother – in – law – Mothers – in – law, Commander – in – chief – Commanders – in – chief, Grant – in – aid – Grants – in – aid, Son in law – Sons in law, Passer by – Passers by, Step mother – Step mothers, Looker on – Lookers on, Hanger on – Hangers on, Maid servant – Maid servants, Pick pocket – Pick pockets, Kins man – Kins men, French man – French men, Noble man – Noble men, English man – English men, Dutch man – Dutch men, Statesman – Statesmen, Corpus – Corpora, Forget – me – not – Forget – me – nots, Go – between – Go – betweens, Pick – me – up – Pick – me – ups, Touch – me – not plant – Touch – me – not plants, Drawback – Drawbacks, Look – out – Look – outs, Good – for – nothing – Good – for – nothings

- **જ્યારે સંયુક્ત નામમાં પ્રથમ શબ્દ ક્રિયાપદ હોય તો છેલ્લા શબ્દને 's' લગાડવાથી બહુવચન થાય છે.**
- **Example :-** run away – run aways, spend thrift – spend thrifts, grown – up – grown – ups, take – off – take – offs, break – down – break – downs.

- **જે સંયુક્ત નામને અંતે ful હોય તેવા નામોનું બહુવચન 'ful' ને 's' લગાડવાથી થાય છે.**
- **Example:-** handful – handfuls, mouthful – mouthfuls, spoonful – spoonfuls, cupful – cupfuls, glassful –glassfuls

Toppersnotes
Unleash the topper in you